# Appendix - II

## શાબ્દિક સર્જનાત્મક પ્રવૃત્તિઓ

**માર્ગદર્શક :-**
શ્રીમતી ડૉ. એન. એ. શેલત
રીડર,
ફેકલ્ટી ઑફ એજ્યુકેશન એન્ડ સાયકોલોજી,
મ. સ. યુનિવર્સિટી, વડોદરા.

**સંશોધક :-**
સતીશ પી. પાઠક
લેકચરર,
જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન,
વડોદરા.

---

નામ :- ____________________________________________

જન્મ તારીખ :- ____________________ ઉંમર :-____________________

સંસ્થા :-____________________________________________

કેટેગરી :- એસ.સી. / એસ.ટી. / બક્ષીપંચ / અન્ય .

શૈક્ષણિક લાયકાત :- ______________________________

---

### -: સામાન્ય સૂચના :-

આ પુસ્તિકામાં કેટલીક રસપ્રદ પ્રવૃત્તિઓ દર્શાવેલી છે, જેના કાર્ય માટે તમારે તમારી કલ્પના શક્તિનો ઉપયોગ કરવો પડશે. અહીં આપેલી પ્રવૃત્તિ અંતર્ગત બાબતોના સંદર્ભે તમે કેટલું ઝડપથી નવિનતાપૂર્ણરીતે તમારી કલ્પનાશક્તિ વડે વિચારી શકો છો, તે જોવાનો આશય છે. દરેક પ્રવૃત્તિ અંતર્ગત બાબતોને કાળજીપૂર્વક વાંચો અને તમને આપવામાં આવેલા ફૂલસ્કેપ કોરા કાગળમાં તમારા જવાબો સ્પષ્ટરીતે માતૃભાષામાં ક્રમનંબર આપીને લખો. આપેલી દરેક બાબતનો કોઇ સાચો કે ખોટો જવાબ હોતો નથી, તેથી તમારી કલ્પનાશક્તિના આધારે શક્ય તેટલા વધારે જવાબો આપવાનો પ્રયાસ કરો.

આ પુસ્તિકામાંના કાર્યોનું ત્રણ પ્રવૃત્તિઓમાં વિભાજન કરેલું છે. આ દરેક પ્રવૃત્તિમાં કુલ નવ પેટાકાર્યો આપેલાં છે. તમારી ઝડપ અનુસાર પ્રત્યેક કાર્યને પૂર્ણ કરો. એક પ્રવૃત્તિમાંનું એક કાર્ય પૂર્ણ કરી લો ત્યારે બીજું કાર્ય લો. સૂચના મળ્યા વિના નવી પ્રવૃત્તિ શરૂ કરશો નહી.

**પ્રવૃત્તિ :- ૧ અસામાન્ય (કાલ્પનિક) ઘટનાઓ**

**સૂચના :-** અહીં તમને કેટલીક પરિસ્થિતિઓ જણાવવામાં આવી છે, જે તમારી સમક્ષ સર્જાવાની કોઇ જ શક્યતાઓ નથી. તેમ છતાં, તમારે વિચારવાનું છે કે જો આવી પરિસ્થિતિ તમારી સમક્ષ ખરેખર સર્જાય તો શું થાય ? તમારા મગજમાં ઉદ્ભવતાં શક્ય તેટલાં વધુ અને નવિનતમ વિચારોને ક્રમનંબર સહિત લખો.

૧. જો માનવીના જીવનમાં સંગીત ના હોય તો, ....

૨. જો માનવી યુવાન જ રહે તો, ....

૩. જો વનસ્પતિઓ આપણી ભાષા બોલવા લાગે તો, ....

૪. જો સૂર્યાસ્ત કદાપિ થાય જ નહી તો, ....

૫. જો ઇશ્વર દૃશ્યમાન હોય તો, ....

૬. જો કુદરતી પરિબળો (ટાઢ, તાપ, પવન, વરસાદ, ....) આપણા નિયંત્રણમાં હોય તો, ....

૭. જો દરેક વ્યકિત પોતાના પૂર્વજન્મ વિશે જાણકારી ધરાવતો હોય તો, ....

૮. જો દરેકના મનમાં ચાલતા વિચારો જાણી શકાતાં હોય તો, ....

૯. જો દરેક વાહનો કોઇપણ પ્રકારના બળતણ વિના ચાલતાં હોય તો, ....

**પ્રવૃત્તિ :- ૨ વસ્તુઓના નવિનતમ ઉપયોગો**

**સૂચના :-** અહીં તમને કેટલીક ચોક્કસ વસ્તુઓના નામ આપવામાં આવ્યાં છે, જેમનો ઘણી જુદી જુદી રીતે ઉપયોગ કરી શકાય. તમે વિચારી શકતાં હોય તેટલા વધુ અને અને નવિનતમ ઉપયોગો ક્રમનંબર સહિત દર્શાવો.

૧. માટી

૨. દોરી

૩. દીવાસળીનું ખાલી ખોખું

૪. નોટનું પૂઠું

૫. ઇંટ

૬. સોય

૭. રંગીન કાગળનો ટૂકડો

૮. કાચના ટૂકડા

૯. છીંપલાં

**પ્રવૃત્તિ :- ૩ સમાનતા**

**સૂચના :-** અહીં તમને કેટલાક શબ્દોની જોડીઓ આપવામાં આવી છે, જે ઘણી જુદી જુદી રીતે એક બીજા સાથે સંબંધિત છે. તમારે વિચારવાનું છે કે તેઓ કેટલી જુદી જુદી તથા નવી રીતે સંબંધિત છે. શક્ય હોય તેટલા વધુ આવા નવિનતાપૂર્ણ સંબંધો, કે જે સમાનતાનો ગુણ ધરાવતાં હોય, તેવા વિચારો ક્રમનુસાર લખો.

૧. પુસ્તક અને સમાચાર પત્ર

૨. નેતા અને અભિનેતા

૩. નદી અને પર્વત

૪. પાણી અને પેટ્રોલ

૫. શિક્ષક અને કુંભાર

૬. કલમ (પેન) અને તલવાર

૭. નકશો અને પૃથ્વીનો ગોળો

૮. સાધુ (સંત) અને નૉંવ (નાવડી)

૯. બાળક અને વૃદ્ધ